# Virat Gujarat

## Daiwik Hotels to open its 3rd specialty pilgrimage property in Dwarka, G

**Date: 30/01/2013 | Edition: Ahmedabad | Page: 6 | Source: Bureau | Clip size (cm): W: 13 H: 14**


India Media Monitor



# દૈવિક હોટેલ્સે ગ્રેસિયસ હોસ્પિટાલિટી પ્રા. લિ.ની રચના માટે શ્રી પબુભા માણેક પરિવાર સાથે હાથ મિલાવ્યા

ભારતની સૌપ્રથમ ફોર-સ્ટાર પીલગ્રીમ હોટેલ્સ ચેઈન દૈવિક હોટેલ્સે દ્વારકાના અગ્રણી ઉદ્યોગ જૂથ શ્રી પબુભા માણેક પરિવાર સાથે સંયુકત સાહસ શરૂ કર્યું છે. ગ્રેસિયસ હોસ્પિટાલિટી પ્રા. લિ.ના નામ હેઠળ સંચાલિત આ સંયુકત સાહસ દ્વારકામાં સૌપ્રથમ મિલકતની સ્થાપના સાથે ગુજરાતમાં પીલગ્રીમેજ હોસ્પિટાલિટીનો અજોડ કન્સેપ્ટ રજૂ કરશે. સૂચિત દૈવિક હોટેલ્સ દ્વારકા હોટેલ અંદાજિત રૂ. ૪૫ કરોડના પ્રારંભિક રોકાણ સાથે એક ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ હશે અને તે વર્ષ ૨૦૧૫ સુધીમાં કાર્યાન્વિત થશે. ગુજરાતમાં હોસ્પિટાલિટી ક્ષેત્રે આ પ્રકારનું સૌપ્રથમ સાહસ શરૂ થયું છે, જે માત્ર રાજ્યમાં યાત્રાધામોના પ્રવાસીઓને સુવિધા અને સાનુકૂળતા પૂરી પાડવા કટીબદ્ધ છે. દ્વારકામાં વાર્ષિક સરેરાશ ૫૦ લાખ લોકો ભગવાન કૃષ્ણના દર્શન કરે છે. રાજ્યમાં લોકપ્રિય યાત્રાધામોમાં પ્રવાસીઓ પર ધ્યાન કેન્દ્રીત કરતાં હોસ્પિટાલિટી બ્રાન્ડ સોમનાથ અને અંબાજી જેવા અન્ય સ્થળોમાં પણ વિસ્તરણની યોજના ધરાવે છે. હોસ્પિટાલિટી બ્રાન્ડનો સૌપ્રથમ પ્રોજેક્ટ દૈવિક હોટેલ્સ તામિલનાડુમાં રામેશ્વરમ ખાતે કાર્યાન્વિત થઈ ગયો છે અને આંધ્ર પ્રદેશના તિરુપતિ ખાતે તેમનો ફ્લેગશિપ પ્રોજેક્ટ શરૂ થશે. આ સંયુક્ત સાહસ અને બ્રાન્ડ અંગે તેમના વિચારો અંગે દૈવિક હોટેલ્સ પ્રા. લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી દેબાશિષ ઘોસાલે જણાવ્યું હતું કે, "સમગ્ર દેશમાં પવિત્ર યાત્રાધામોમાં ઉચ્ચગુણવત્તાયુકત બ્રાન્ડેડ પ્રોડક્ટ્સ માટે તીવ્ર માગ અને પુરવઠા વચ્ચે વ્યાપક અંતર હોવાને કારણે અમે પીલગ્રિમેજ હોસ્પિટાલિટી ક્ષેત્રે પ્રવેશવાનો નિર્ણય કર્યો છે. આપણા દેશમાં 'સામાજિક હેતુ માટે પ્રવાસ' બાદ યાત્રા માટેના પ્રવાસીઓની સંખ્યા સૌથી વધુ છે. શ્રી પબુભા માણેક પરિવાર સાથે અમારું સંયુક્ત સાહસ ગુજરાતમાં સૌપ્રથમ પીલગ્રીમ હોટેલ ચેઈન સ્વરૂપે અમારિ સ્થિતિ વધુ મજબૂત બનાવવા તરફનું એક પગલું છે. આ જોડાણ અમને આ ક્ષેત્રમાં નિપુણ અને વ્યાપક અનુભવ ધરાવતા સ્થાનિક ઉદ્યોગ જૂથ સાથે જોડાવાની તક પૂરી પાડે છે. આ અનુભવ અમને ગુજરાત અનો ભારતમાં પીલગ્રીમ ટુરિઝમ અને હોસ્પિટાલિટી ઉદ્યોગમાં નવા પરીમાણો રજૂ કરવાની તક પૂરી પાડશે."